## ફારૂકે આઝમ (રદી.) ગર્લ્સ હાઈસ્કુલ, અમદાવાદના વિદ્યાર્થીનીઓની આણંદ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત

---

ફારૂકે આઝમ (રદી.) ગર્લ્સ હાઈસ્કુલ, અમદાવાદના ધોરણ-૮ થી ૧૨ ની ૧૨૦ વિદ્યાર્થીનીઓએ તા.૦૨.૦૯.૨૦૨૪ સોમવારના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટીની મુલાકાત લીધેલ. જેમાં સરદાર સમૃતિ કેન્દ્ર, સરદાર પટેલ એગ્રીકલ્ચરલ એજ્યુકેશનલ મ્યુઝિયમ, મધમાખી પાલન, ઔષધીય અને સુગંધિત પાકોની વૈજ્ઞાનિક ખેતી અને એગ્રોનોમી વિભાગ જેવા વિભાગોની મુલાકાત લીધેલ. મુલાકાત દરમિયાન ડૉ. જે. ડી. દેસાઈ, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, સરદાર સ્મૃતિ કેન્દ્રએ વિદ્યાર્થીનીઓને યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપવામાં આવેલ. વધુમાં, વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના વિવિધ શૈક્ષણિક અભ્યાસક્રમોની કૃષિ ક્ષેત્રમાં ઉજ્જવળ તકો અંગે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવેલ જેથી આવનારા સમયમાં તેઓ યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોમાં ભાગ લઇ શકે. સદર મુલાકાતમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો અને ફારૂકે આઝમ (રદી.) ગર્લ્સ હાઈસ્કુલ, અમદાવાદના ૮ શિક્ષકો પણ હાજર રહેલ હતા.




